પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૫ • અંક : ૨૩૪ • કુલ પાના : ૪ • તારીખ : ૨૮-૦૫-૨૦૨૨ શનિવાર • કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગ્રુપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

## વડાપ્રધાન હૈદરાબાદ પહોંચે તે અગાઉ જ મુખ્યમંત્રી બેંગ્લોર નીકળી ગયા, ૪ મહિનામાં એમ બીજી વાર થયું

હૈદરાબાદ,

તેલંગાણાના મુખ્યમંત્રી કે. ચંદ્રશેખર રાવ, વડાપ્રધાન નરેન્દ્ર મોદી હૈદરાબાદ પહોંચે તેના થોડા કલાક અગાઉ જ ગુરુવારે સવારે બેંગ્લોર જવા માટે રવાના થઈ ગયા. એમ ૪ મહિનામાં બીજી વખત થયું છે જ્યારે કે. ચંદ્રશેખર રાવે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હૈદરાબાદ પ્રવાસ દરમિયાન મળતા દૂરી બનાવી હોય. આ પહેલા ફેબ્રુઆરીમાં વડાપ્રધાન 'સમાનતા કી પ્રતિમા'નું અનાવરણ કરવા માટે અહીં પહોંચ્યા હતા, જે સંત રામાનુજાચાર્યની વિશાળ પ્રતિમા છે.

સરકારી અધિકારીઓએ ત્યારે જણાવ્યું હતું કે, ચંદ્રશેખર રાવ વડાપ્રધાન નરેન્દ્ર મોદીની આગેવાની ન કરી શક્યા કેમ કે, તેઓ બીમાર છે. ચંદ્રશેખર રાવ




વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને જનતા દળ (સેક્યુલર)ના પ્રમુખ એચ.ડી. દેવગોડા સાથે કર્ણાટકની રાજધાનીમાં મુલાકાત કરી અને રાષ્ટ્રીય રાજનીતિ પર ચર્ચા કરી. એચ.ડી. દેવગોડાએ મુલાકાત બાદ ટ્વીટ કરી કે, તેલંગાણાના માનનીય મુખ્યમંત્રી શ્રી કે. ચંદ્રશેખર રાવે આજે મારા આવાસ પર મારી સાથે મુલાકાત કરી. અમે રાષ્ટ્રીય મહત્ત્વના અલગ અલગ વિષયો પર વિચાર અદાન-પ્રદાન કર્યા. એ સ્પષ્ટ અને શાંતિપૂર્ણ ભેટ હતી.

પૂર્વ વડાપ્રધાનના પદ્મનાભનગર સ્થિત ઘર પર થયેલી મુલાકાત દરમિયાન એચ.ડી. દેવગોડાના પુત્ર અને કર્ણાટકના પૂર્વ મુખ્યમંત્રી એચ.ડી. કુમારસ્વામી અને પૌત્ર નિખિલ કુમારસ્વામી સહિત અન્ય ઉપસ્થિત હતા. કે ચંદ્રશેખર રાવે રાષ્ટ્રીય સ્તરની રાજનીતિના નજરીયાથી મહત્ત્વપૂર્ણ કાર્યક્રમો અને સામાજિક કાર્યક્રમોમાં સામેલ થવા માટે હાલમાં જ કેટલાક પ્રવાસ કર્યા છે. એ હેઠળ તેમણે દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ અને પંજાબના મુખ્યમંત્રી ભગવંત માન સાથે પણ મુલાકાત કરી હતી.

ચંડીગઢમાં તેમણે એ ખેડૂતોના પરિવારોને આર્થિક સહાયતાની રજૂઆત કરી હતી, જેમનું મૃત્યુ કૃષિ કાયદાઓ વિરુદ્ધ આંદોલન દરમિયાન થઈ ગયું હતું. આ દરમિયાન વડાપ્રધાન નરેન્દ્ર મોદી, ઈન્ડિયન સ્કૂલ ઓફ બિઝનેસની ૨૦મી વર્ષગાંઠ સમારોહમાં હિસ્સો લેવા આજે બપોરે હૈદરાબાદ પહોંચ્યા હતા. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જનસભાને સંબોધિત કરતા કહ્યું કે, પરિવાર દ્વારા ચલાવવામાં આવી રહેલી પાર્ટી હંમેશાં પોતાના ફાયદા બાબતે વિચારે છે અને તે દેશના સૌથી મોટી દુશ્મન છે.

## આજે વડાપ્રધાન મોદી ગુજરાતમાં : રાજકોટમાં નવનિર્મિત 'માતુશ્રીની ડીપી મલ્ટિસ્પેશિયાલિટી હોસ્પિટલ'ની મુલાકાત લેશે

રાજકોટ,

વડાપ્રધાન નરેન્દ્ર મોદી શનિવારે ગુજરાતની મુલાકાતે આવશે જ્યાં તેઓ નવનિર્મિત હોસ્પિટલની મુલાકાત લેશે, સહકારી વડાઓની કોન્ફરન્સને સંબોધશે અને નેનો યુરિયા પ્લાન્ટનું ઉદ્ઘાટન કરશે. વડાપ્રધાન કાર્યાલયે આ જાણકારી આપી.

પીએમ નરેન્દ્ર મોદી રાજકોટમાં રાજકોટ ખાતે નવનિર્મિત 'માતુશ્રીની ડીપી મલ્ટિસ્પેશિયાલિટી હોસ્પિટલ'ની મુલાકાત લેશે, એમ એક નિવેદનમાં જણાવાયું છે. તેઓ એક કાર્યક્રમને પણ સંબોધિત કરશે. નિવેદન અનુસાર, સાંજે ૪ વાગ્યે, વડાપ્રધાન નરેન્દ્ર મોદી 'સહકાર સે સમૃદ્ધિ' વિષય પર વિવિધ સહકારી સંસ્થાઓના વડાઓની કોન્ફરન્સને પણ સંબોધિત કરશે. ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી કલોલમાં ઈફકો ખાતે બનેલ નેનો યુરિયા (લિક્વિડ) પ્લાન્ટનું પણ ઉદ્ઘાટન કરશે.

ગુજરાતનું સહકારી ક્ષેત્ર સમગ્ર દેશ માટે રોલ મોડલ રહ્યું છે, એમ નિવેદનમાં જણાવાયું છે. રાજ્યના સહકારી ક્ષેત્રની ૮૪,૦૦૦ થી વધુ મંડળીઓમાં લગભગ ૨૩૧ લાખ સભ્યો છે. ગુજરાતમાં સહકારી ચળવળને વધુ મજબૂત કરવા ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે "સહકાર સે સમૃદ્ધિ" સંમેલનનું આયોજન કરવામાં આવ્યું છે જેમાં વિવિધ સહકારી સંસ્થાઓના વડાઓ ભાગ લેશે.

નિવેદનમાં જણાવાયું છે કે રાજ્યની સહકારી સંસ્થાઓના સાત હજારથી વધુ પ્રતિનિધિઓ આ સંમેલનમાં ભાગ લઈ રહ્યા છે. ખેડૂતોને ઉત્પાદન વધારવા અને તેમની આવક વધારવામાં મદદ કરવા માટે, પ્રધાનમંત્રી ૧૭૫ કરોડના ખર્ચે બનેલ ઈફકો ખાતે કલોલ ખાતે નેનો યુરિયા પ્લાન્ટનું પણ ઉદ્ઘાટન કરશે, એમ તેમાં જણાવાયું છે. પીએમ નરેન્દ્ર મોદી રાજકોટમાં નવનિર્મિત 'માતુશ્રી કે ડીપી મલ્ટિસ્પેશિયાલિટી હોસ્પિટલ'ની મુલાકાત લેશે. જેનું સંચાલન શ્રી પટેલ સેવા સમાજ દ્વારા કરવામાં આવે છે. આ વિસ્તારના લોકોને વિશ્વ કક્ષાની આરોગ્ય સેવાઓ પૂરી પાડશે.

### ક્ષત્રિય મહાસભાનો હુંકાર

## મહારાણા પ્રતાપ જંયતિ પર તમામ કાર્યક્રમોમાં ગુલાબચંદ કટારિયાનો બહિષ્કાર કરવામાં આવશે

ઉદયપુર,

મહારાણા પ્રતાપ જયંતિ પર ક્ષત્રિય મહાસભા તરફથી યોજાનાર વિવિધ કાર્યક્રમોમાં આ વખતે ઉદયપુરના ધારાસભ્ય અને વિધાનસભામાં વિરોધ પક્ષના નેતા ગુલાબચંદ કટારિયાનો બહિષ્કાર કરવાની જાહેરાત કરવામાં આવી છે.કટારિયાને મહાસભા તરફથી આયોજીત કોઈ પણ કાર્યક્રમમાં આમંત્રણ આપવામાં આવશે નહીં આ વિરોધનું કારણ એ છે કે કટારિયાએ ગત રાજસમંદ પેટાચુંટણી દરમિયાન મહારાણા પ્રતાપને લઈ કહેવાતી રીતે અમર્યાદિત ભાષાનો પ્રયોગ કર્યો હતો.મહાસભા તરફથી એ ચેતવણી આપવામાં આવી છે કે આ કાર્યક્રમોમાં ક્યાંય પણ કટારિયા જોવા મળશે તો



તેમનો વિરોધ થાય તે નક્કી છે.એ યાદ રહે કે મહારાણા પ્રતાપ જયંતિ બે જુને છે. ક્ષત્રિય મહાસભાના મહામંત્રી તનવીર સિંહ કૃષ્ણાવતે આ ચેતવણી આપી છે.

આ પહેલા ઉદયપુર ડિવિજનની બેઠકમાં છ જીલ્લાથી આવેલા પદાધિકારીઓએ પણ એ વાત પર સહમતિ વ્યક્ત કરી છે કે કટારિયાને કોઈ પણ કાર્યક્રમમાં બોલાવવામાં આવે નહીં પ્રતાપ જંયતિ પ્રસંગ પર આ વખતે તાલુકા સ્તરીય કાર્યક્રમ આયોજીત કરવામાં આવી રહ્યાં છે જેને લઈ બેઠક રાખવામાં આવી હતી કૃષ્ણાવતે કહ્યું કે ગત એક વર્ષથી અમે કટારિયાનો વિરોધ કરી રહ્યો છીએ કટારિયાએ જે રીતે મહારાણા પ્રતાપને લઈ અશોભનીય ભાષાનો પ્રયોગ કર્યો હતો આવા લોકોને કાર્યક્રમમાં બોલાવવા અશોભનીય હશે.કટારિયાએ દેખાડા માટે જ માફી માંગી હતી.

કૃષ્ણાવતે નગર નિગમને પણ વિનંતી કરી છે કે તે વિરોધ પક્ષના નેતા ગુલાબચંદ કટારિયાને મહારાણા પ્રતાપ જયંતિ પ્રસંગ પર કોઈ કાર્યક્રમમાં બોલાવે નહીં જો બોલાવવામાં આવશે તો કોઈ પણ રીતની સ્થિતિ માટે નિગમ ખુદ જવાબદાર રહેશે એ યાદ રહે કે કટારિયાએ જયારે મહારાણા પ્રતાપને લઈ અશોભનીય ભાષાનો ઉપયોગ કર્યો હતો ત્યારે પણ મહાસભા તરફથી કલેકટર ઓફિસે પ્રદર્શન કરવામાં આવ્યા હતાં.

એ યાદ રહે કે મેવાડમાં દર વર્ષે મહારાણા પ્રતાપ જયંતિ ધુમધામથી મનાવવામાં આવે છે તેમાં ૪૦થી વધુ સમાજ અને સંગઠનોની ભાગીદારી હોય છે તમામ સમાજો તરફથી રેલીનું જબરજસ્ત રીતે સ્વાગત કરવામાં આવે છે આ વખતે પણ ૨ દ્દમેથી કાર્યક્રમ શરૂ થયા છે તેમાં હલ્દીઘાટી દર્રા અને ચેતક સમાધિ પર પુજા અર્ચના થશે.ગોગુંદા રાજતિલક સ્થળ પર પુજન પ્રતિમા પર દુગ્ધાભિષેક રાણા પુંજા અને હકીમ ખાં સુરીની પ્રતિમા પર માલ્યાર્પણ વગેરે કાર્યક્રમો આયોજીત કરવામાં આવશે.

## દેશમાં ૩૧ મે સુધીમાં ચોમાસું આવી જશે : કેરળથી ચોમાસું ૧૦૦ કિમી દૂર છે

નવીદિલ્હી,

કેરળમાં ૩૧મી મે કે એ પહેલાં ચોમાસું દસ્તક આપી શકે છે. ગુરુવારે ચોમાસાનો ઉત્તરીય છેડો માલદિવ્સ, દક્ષિણ-પશ્ચિમ અરબી સમુદ્ર દક્ષિણ બંગાળની ખાડી સુધી પહોંચી ગયો છે. ચોમાસું હવે કેરળના તિરુવનંતપુરમ કિનારેથી ૧૦૦ કિમી દૂર છે. હવામાન વિભાગનું કહેવું છે કે આગામી બે દિવસમાં ચોમાસું કેરળ તરફ આગળ વધીને લક્ષદ્વીપ પહોંચે એવી શક્યતા છે.

હવામાન વિભાગે અગાઉ કહ્યું હતું કે કેરળમાં ૨૭ મેના રોજ ચોમાસું દસ્તક આપી શકે છે, જ્યારે ખાનગી હવામાન એજન્સી સ્કાયમેટે ચોમાસાની દસ્તકની તારીખ ૨૬ મે દર્શાવી હતી. હવે હવામાન વિભાગનું કહેવું છે કે ચોમાસું ૩૧ મેના રોજ અથવા એ પહેલાં દસ્તક આપી શકે છે. બદલાયેલા સંજોગોમાં સ્કાયમેટે કહ્યું છે કે ચોમાસું સામાન્ય રહેશે, પરંતુ ધમાકેદાર દસ્તકની શક્યતાઓ ઓછી છે.

હવામાન વૈજ્ઞાનિકોનું કહેવું છે કે દેશના બાકીના ભાગોમાં ચોમાસું નિર્ધારિત તારીખના ત્રણ-ચાર દિવસ પહેલાં કે પછી આવી જશે. બંગાળની ખાડીમાં આવેલા વાવાઝોડા બાદ આ વખતે આંદામાન-નિકોબાર ટાપુઓમાં ચોમાસું નિર્ધારિત તારીખ ૨૨ મેથી એક સપ્તાહ પહેલાં ૧૫ મેના રોજ પહોંચી ગયું છે. હવામાન એજન્સીઓએ જાહેરાત કરી હતી કે ચોમાસું કેરળમાં વહેલી દસ્તક આપશે, પરંતુ બાદમાં માત્ર અસાનીએ જ એનો માર્ગ બદલાયો, પરંતુ મધ્ય અને પૂર્વ ભારતમાં જે પ્રકારનો પ્રી-મોન્સૂન વરસાદની અપેક્ષા કરાતી હતી એ ન થઈ. કેરળના ઘણા ભાગોમાં ચોમાસાનાં વાદળ છવાયેલાં જોવા મળે છે. સીએસએના હવામાન વિભાગના પ્રભારી ડૉ.એસ.એન. સુનીલ પાંડેએ જણાવ્યું, દર વર્ષની જેમ આ વખતે પણ વરસાદ પડશે, પરંતુ એના દિવસો ઓછા રહેશે. તેમણે કહ્યું હતું કે પહેલા ૫૦-૬૦ દિવસ વરસાદ પડતો હતો, હવે માત્ર ૩૫-૪૦ દિવસ જ પડી રહ્યો છે. હવે કોઈ એક જ દિવસમાં ખૂબ જ વધુ વરસાદ પડે છે.

આગામી ૫ દિવસ સુધી આકરી ગરમીમાંથી રાહત મળવાની છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, છેલ્લા કેટલાક દિવસો દરમિયાન છૂટાછવાયા વરસાદને કારણે તાપમાનમાં ઘટાડો થયો છે. દિલ્હી, પંજાબ, હરિયાણા, રાજસ્થાનમાં ગરમી વધવાની શક્યતા એના કારણે પણ નથી, કારણ કે અહીં બંગાળની ખાડી તરફથી પવનો આવી રહ્યા છે. જૂનના પહેલા ૧૦ દિવસમાં મહારાષ્ટ્રમાં વધુ વરસાદ નહીં પડે. રાજ્યમાં અડધા જૂન સુધી સંકટ બની રહેશે. રાજ્યનાં તળાવોમાં પાણીનો સંગ્રહ ઘણો ઓછો છે. હાલમાં જળસંકટને ધ્યાનમાં રાખીને રાજ્ય સરકાર દ્વારા વિવિધ સ્થળોએ ૪૦૧ ટેક્રરથી પાણી પહોંચાડવામાં આવે છે.

## વડાપ્રધાન મોદી સહિતના દિગ્ગજોએ પંડિત નહેરુને શ્રદ્ધાંજલિ આપી

નવીદિલ્હી,

દેશના પ્રથમ અને પૂર્વ પ્રધાન મંત્રીશ્રી પંડિત જવાહરલાલ નહેરુ ની આજે ૫૮ મી પુણ્યતિથિ છે . આ સંદર્ભમાં હાલના પ્રધાન મંત્રી નરેન્દ્ર મોદી દ્વારા ટ્વિટ કરવામાં આવ્યું તેણે ટ્વિટમાં લખ્યું છે કે "પંડિત જવાહરલાલ નેહરુજીને તેમની પુણ્યતિથિ પર શ્રદ્ધાંજલિ."આ સિવાય કોંગ્રેસના વરિષ્ઠ નેતા રાહુલ ગાંધીએ પણ એક વિડીયો શેર કર્યો છે અને લખ્યું છે કે" નિધનના ૫૮ વર્ષ પછી પણ પંડિત જવાહર લાલ નહેરુજીના વિચાર, રાજનીતિ અને આપના દેશ પ્રત્યેનો દ્રષ્ટિકોણ એટલો જ પ્રાયોગિક છે જેટલો ત્યારે તેમના માટે હતો. ભારતના આ અમર પુત્રના મૂલ્ય હંમેશા આપણા કાર્ય અને વિવેકને માર્ગદર્શન કરતાં રહેશે.

ગાંધી પરિવારે પંડિત નહેરુને શ્રદ્ધાંજલિ આપી હતી.શાંતિ વન પંડિત જવાહરલાલની સમાધિ સ્થળ ઉપર કોંગ્રેસ અધ્યક્ષ શ્રીમતી સોનિયા ગાંધીએ ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ આપતા ફોટોને કોંગ્રેસ ના ટ્વિટર એકાઉન્ટ ઉપર પોસ્ટ કર્યો હતો.

દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે પણ લખ્યું છે કે " પૂર્વ પ્રધાનમંત્રી પંડિત જવાહરલાલ નહેરુ ની પુણ્યતિથિ પર આજે તેમને યાદ કરું છું." કોંગ્રેસ ના મુખ્ય પ્રવક્તા રણદીપ સુરજેવાલાએ પણ ટ્વિટ કરીને કહ્યું છે કે " આધુનિક ભારતના નિર્માતા અને ભારતને આર્થિક વિજ્ઞાનિક ઔદ્યોગિક અને વિભિન્ન ક્ષેત્રોમાં આગળ લઈ જવા વાળા ભારતના પ્રધાનમંત્રી ભારત રત્ન સ્વર્ગીય પંડિત જવાહર લાલ નહેરુજીને એમની પુણ્યતિથિ ઉપર શત-શત નમન. નહેરુજી ઓગસ્ટ ૧૯૪૭ દેશ આઝાદ થયાં પછીથી લઈને ૨૭ મે ૧૯૬૪ પોતાના નિધન સુધી પ્રધાનમંત્રી રહ્યા હતાં.

## હિંદ મહાસાગરમાં સુનામીની ચેતવણી

તિમોર,

શુક્રવારના રોજ પૂર્વ તિમોરના દરિયાકાંઠે ૬.૧ ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો, યુએસ જીઓલોજિકલ સર્વેએ જણાવ્યું હતું કે, જોકે નુકસાનના કોઈ તાત્કાલિક અહેવાલો નથી. સુનામી સલાહકાર જૂથે જણાવ્યું હતું કે ભૂકંપ "હિંદ મહાસાગર ક્ષેત્રને અસર કરતી સુનામી પેદા કરવા સક્ષમ હોય શકે છે. યુએસજીએસએ જણાવ્યું હતું કે પૂર્વ તિમોર અને ઈન્ડોનેશિયા વચ્ચે વિભાજિત તિમોર દ્વીપના પૂર્વીય છેડાથી ૫૧.૪ કિમી (૩૨ માઈલ) ની ઊંડાઈએ ભૂકંપ આવ્યો હતો.

એક સ્થાનિક પત્રકારે કહ્યું કે, લોકો હંમેશની જેમ તેમની પ્રવૃત્તિઓમાં ગયા હતા. પૂર્વ તિમોર અને ઈન્ડોનેશિયા પેસિફિક "રિંગ ઑફ ફાયર" પર બેસે છે, જે તીવ્ર ધરતીકંપની પ્રવૃત્તિનો એક ચાપ છે, જે દક્ષિણપૂર્વ એશિયા અને પેસિફિક બેસિનમાં ફેલાયેલો છે. ફેબ્રુઆરીમાં, ઈન્ડોનેશિયાના ઉત્તર સુમાત્રામાં ૬.૨ની તીવ્રતાના ભૂકંપમાં ડઝન લોકો માર્યા ગયા હતા.

૨૦૦૪માં, સુમાત્રાના દરિયાકાંઠે ૯.૧ તીવ્રતાનો ભૂકંપ આવ્યો અને સુનામીને ઉત્તેજિત કરી હતી. જેણે સમગ્ર પ્રદેશમાં ૨૨૦,૦૦૦ લોકો માર્યા ગયા હતા, જેમાં ઈન્ડોનેશિયામાં લગભગ ૧૭૦,૦૦૦ લોકોનો સમાવેશ થાય છે.

પૂર્વ તિમોરની વસ્તી ૧.૩ મિલિયન છે અને તે દક્ષિણપૂર્વ એશિયાનો સૌથી યુવા દેશ છે, જે તાજેતરમાં ઈન્ડોનેશિયાથી તેની સ્વતંત્રતાની ૨૦મી વર્ષગાંઠની ઉજવણી કરી રહ્યો છે. મોટાભાગે ગ્રામીણ દેશની અર્થવ્યવસ્થા કોવિડ -૧૯ રોગચાળા દ્વારા ખરાબ રીતે અસરગ્રસ્ત છે, વિશ્વ બેંકે કહ્યું કે, પૂર્વ તિમોર ૪૨ ટકા વસ્તી ગરીબી રેખા નીચે જીવે છે.

### દરગાહમાં સ્વસ્તિકના નિશાનવાળી જાળી જ નથી

## સંગઠને જે ફોટા બતાવ્યા એમાં અજમેરના ખ્વાજા પરિસરમાં સાથિયાના નિશાનવાળી કોઈ જાળી નથી

અજમેર,

વારાણસીમાં જ્ઞાનવાપી મસ્જિદ બાદ હવે રાજસ્થાનમાં દરગાહ શરીફને હિન્દુ મંદિર હોવાનો દાવો કરવામાં આવ્યો છે. આ મામલે અજમેરમાં સુરક્ષા વધારી દેવામાં આવી છે. એક સંગઠને સ્વસ્તિક ચિહ્ન સાથેના ફોટા શેર કર્યા છે અને જણાવ્યું હતું કે આ જાળી દરગાહ શરીફમાં આવેલી છે. આ નિશાનીના આધારે કહેવામાં આવ્યું હતું કે એ એક હિન્દુ મંદિર છે.

સૂફી સંત હઝરત ખ્વાજા મોઈનુદ્દીન હસન ચિશ્તીની દરગાહમાં કોઈપણ ભાગમાં આવી કોઈ જાળી મળી ન હતી, જેના પર સ્વસ્તિકનું નિશાન બનાવવામાં આવ્યું હોય તેમજ એવા કોઈ પથ્થરો મળ્યા નથી, જેમાં મહારાણા પ્રતાપ સેના સંગઠન દ્વારા જાહેર કરવામાં આવેલી તસવીરમાં નજરે પડે છે. થોડા સમય પહેલાં રાજસ્થાન સરકારે એક પ્રોજેક્ટ હેઠળ દરગાહ નિઝામ ગેટ, અકબરી મસ્જિદ અને ક્વીન મેરી હોઝનો હેરિટેજ લુક પરત કરવામાં આવ્યો હતો. આ ઈમારતોમાં ગમે ત્યાં કોઈપણ પથ્થરમાં આવા કોઈ ચિહ્નો મળ્યાં નથી. ભાસ્કરની ટીમ ગુરુવારે રાત્રે દરગાહ પર પહોંચી હતી અને સમગ્ર પરિસરની તપાસ કરી હતી. એમાં જે વાસ્તવિકતા બહાર આવી હતી એ આ હતી. ગુંબદ શરીફ એટલે કે



આસ્તાના શરીફ: આસ્તાના શરીફની ચારેબાજુ આરસની સુંદર જાળીઓ લાગેલી છે. આ જાળીઓ પણ એ પથ્થરોની નથી, જે મહારાણા પ્રતાપ સેના દ્વારા વાઈરલ ફોટામાં જોવા મળે છે તેમજ અહીં આવા મોટા પથ્થરો પણ નથી. બુલંદ દરવાજો: મજબૂત અને મોટા પથ્થરોથી બુલંદ દરવાજો બનેલો છે. આ પથ્થરો પર ક્યાંય જાળી નથી તેમજ આ પથ્થરો પર કોઈક ધાર્મિક પ્રતીક પણ દેખાતાં નથી.

ગુરુવારે, એક સંગઠન મહારાણા પ્રતાપ સેનાએ ભારતની રાષ્ટ્રીય એકતાની સૌથી મોટી નિશાની, મહાન સૂફી સંત હઝરત ખ્વાજા મોઈનુદ્દીન હસન ચિશ્તીની દરગાહને હિન્દુ મંદિર ગણાવીને સનસનાટી મચાવી દીધી છે. આ સંગઠનના રાષ્ટ્રીય અધ્યક્ષ રાજવર્ધન સિંહ પરમારે રાજસ્થાનના મુખ્યમંત્રીને પણ મેમોરેન્ડમ મોકલીને દરગાહનો સરવે કરાવવા જણાવ્યું છે, નહીં તો તેઓ પોતે હજારોની સંખ્યામાં સમર્થકો સાથે અજમેર પહોંચી જશે. પત્રમાં દાવો કરવામાં આવ્યો છે કે દરગાહની અંદર બારીઓ અને ઘણી જગ્યાઓ પર હિન્દુ ધાર્મિક પ્રતીકો પણ છે, જેમાં સ્વસ્તિકનું નિશાન મુખ્ય છે. આ દાવો થોડી જ વારમાં વાઈરલ થઈ ગયો હતો. બીજી તરફ, દરગાહ સાથે સંકળાયેલા પ્રતિનિધિઓએ એસપીને ફરિયાદ કરી છે. ધમકી બાદ જિલ્લા પોલીસ અને વહીવટીતંત્ર એલર્ટ થઈ ગયું છે. એડીએમ સિટી ભાવના ગર્ગ, એડિશનલ એસપી વૈભવ, સીઓ રામઅવતાર અને અન્ય પોલીસ અધિકારીઓએ દરગાહ સંકુલની મુલાકાત લીધી હતી. દરગાહની સુરક્ષા માટે વધારાની પોલીસ ફોર્સ તહેનાત કરવામાં આવી છે. સાઆઈડી ઝોન અને અન્ય સુરક્ષા એજન્સીઓ પણ એલર્ટ પર છે. અખિલ ભારતીય કૌમી એકતા સમિતિના પ્રદેશ પ્રમુખ ડૉ.એ.એસ.ખાન ભારતી અને જિલ્લા પ્રમુખ બદરુદ્દીન કુરેશીએ સી.એમ. અશોક ગેહલોતને કલેક્ટર દ્વારા આવેદનપત્ર મોકલીને ધાર્મિક સ્થળો વિશે અફવા ફેલાવનારા લોકો સામે કાર્યવાહી કરવાની માગણી કરી હતી. દરગાહ દીવાન સૈયદ જૈનુઅલ આબેદિન અલી ખાને પણ નિંદા કરી છે. દીવાને એક નિવેદન બહાર પાડ્યું કે ખ્વાજા સાહેબની દરગાહ, જેમાં તમામ ધર્મના લોકો આવે છે. અહીંથી શાંતિ અને પ્રેમનો સંદેશ પહોંચે છે. અંજુમન યાદગારના સદર સુભાન ચિશ્તીએ પણ તેની નિંદા કરી છે. દરગાહ કમિટી સદર અમીન પઠાણે જણાવ્યું હતું કે દરગાહ શરીફ ગંગા જમુની તહઝીબ અને ભારતના તમામ ધર્મો અને સંપ્રદાય માટે પવિત્ર અને આસ્થાનું સ્થાન છે. આ રીતે દરગાહને બદનામ કરવાનું મોટું ષડયંત્ર છે, જેનો હેતુ માત્ર જુઠ્ઠાણાં અને ભ્રમ ફેલાવવાનો છે. અંજુમન સદર દરગાહના ખાદીમોના મુખ્ય સંગઠન અંજુમન સૈયદ જાદગાનના સદર હાજી સૈયદ મોઈન હુસૈન ચિશ્તીએ એને પાયાવિહોણું અને કોઈ જ આધાર વિનાનું ગણાવ્યું અને કહ્યું કે આવી હરકતથી કરોડો લોકોની આસ્થાને ઠેસ પહોંચી છે. સાડાઆઠસો વર્ષથી ગરીબ નવાઝનો દરબાર છે. અહીં દરેક યુગમાં એના શાસકો આવીને માથું ટેકવતા હતા. આ દરબારથી એટલે કે ગરીબ નવાઝના જીવન સાથે ખુદ્દામ જોડાયેલો છે અને એનું કામ કરી રહ્યો છે. ખ્વાજા સાહેબના દરબારમાં ૭૦% જેટલા હિંદુ ધર્મના લોકો આવે છે. તેઓ માનતા માને છે. જ્યારે માનતા પૂર્ણ થાય ત્યારે શુકરાના ચઢાવવા આવે છે. સેક્રેટરી સૈયદ વાહિદ હુસૈન અંગારાશાહે કહ્યું હતું કે કેટલાક લોકો દેશભરમાં સક્રિય છે, જેઓ શાંતિ નથી ઈચ્છતા.

## કચ્છની સરહદ પર BSFની મોટી કાર્યવાહી, ૫ બોટ સાથે એક પાકિસ્તાની નાગરિક ઝડપાયો

ભુજ,

બીએસએફ ભુજે હરામી નાળા વિસ્તારમાંથી વધુ ૫ પાકિસ્તાની બોટ સાથે એક પાકિસ્તાની માછીમારની ધરપકડ કરી છે. ૨૬ તારીખના રાતથી ચાલતા સર્ચ ઓપરેશનમાં સવારના સમયે બોટ મળી આવી હતી. સર્ચ ઓપરેશન દરમીયાન માછીમારોને પકડવા ૩ રાઉન્ડ ફાઈરિંગ પણ કરવામાં આવી હતી. પરિણામે અત્યાર સુધીમાં બીએસએફ ભજે ૩ પાકીસ્તાની માછીમાર અને ૦૯ બોટ જપ્ત કરી છે. પ્રાથમીક તપાસમાં ૨ દિવસમાં ઝડપાયેલ ૩ લોકો પાકિસ્તાની માછીમારો હોવાનુ સામે આવ્યુ છે તો બીજી તરફ બોટના સર્ચ દરમિયાન પણ કોઈ શંકાસ્પદ વસ્તુ મળી નથી. પરંતુ સતત સુરક્ષા વચ્ચે પાકિસ્તાની માછીમારો દ્વારા થઈ રહેલી ઘુસણખોરી સામે આજે બીએસએફએ આક્રમક કાર્યવાહી કરી હતી અને ભાગી રહેલા ઘુસણખોરોને રોકવા માટે ૩ રાઉન્ડ ફાયરીંગ પણ કર્યુ હતુ. કચ્છ બીએસએફ દ્વારા ગઈકાલે ગુરુવારે સવારે સરહદી લખપત તાલુકાના સમુદ્રી ક્રિક વિસ્તારના હરામીનાળામાંથી ૪ પાકિસ્તાની બોટ અને ૨ ઘૂસણખોર માછીમારને ઝડપી લેવાયા હતા. એ બાદ મોડી સાંજ સુધી મ્જીહ્લ દ્વારા સઘન તપાસ હાથ ધરવામાં આવી હતી. જોકે આજે સવારે ફરી આ વિસ્તારમાં સર્ચ-ઓપરેશન દરમિયાન વધુ ૫ જેટલી પાકિસ્તાની બોટ જોવા મળી હતી, જેને તાકીદે ઘટનાસ્થળે પહોંચી સલામતી દળે જપ્ત કરી લીધી હતી.

## આપે અમરિન્દર સિંહ પાસે માંગ્યા ભ્રષ્ટાચારના પુરાવા, કડક કાર્યવાહી કરશે

ચંડીગઢ,

આમ આદમી પાર્ટીની સરકાર કેપ્ટન અમરિંદર સિંહની સરકારમાં ભ્રષ્ટાચારની ઘટના પર એક્શનમાં જોવા મળી રહી છે. ખુદ કેપ્ટન અમરિન્દર સિંહે દાવો કર્યો હતો કે, તેમની સરકારમાં ઘણા મંત્રીઓ ભ્રષ્ટ હતા. આમ આદમી પાર્ટીએ અમરિંદર સિંહને જણાવ્યું છે કે, જો તેમની પાસે કોઈ પુરાવા છે તો તેને સાર્વજનિક કરવામાં આવે. આમ આદમી પાર્ટીની સરકાર ભ્રષ્ટાચારના તમામ કેસમાં કાર્યવાહી કરવા તૈયાર છે. તેના નેતા સુખજિંદર સિંહ રંધાવાએ પોતે કોંગ્રેસ પાર્ટીની સરકારના કાર્યકાળ દરમિયાન ભ્રષ્ટાચારનો દાવો કર્યો હતો. સુખજિન્દરે આ બહાને પોતાના પૂર્વ સાથી કેપ્ટન અમરિંદર સિંહ પર નિશાન સાધ્યું હતું, પરંતુ અમરિંદર સિંહે કહ્યું કે, તેઓ ભગવંત માનના કહેવા પર તેમના ભ્રષ્ટ મંત્રીઓની યાદી આપવા તૈયાર છે.

## લદ્દાખમાં મોટી દુર્ઘટના : સેનાના જવાનો ભરેલી બસ નદીમાં ખાબકી, ૭ જવાનોના મોત થયા

લદ્દાખ,

લદ્દાખમાં ૨૬ જવાનોથી ભરેલી બસ નદીમાં પડી છે. આ દુર્ઘટનામાં સેનાના સાત જવાનોના મોત થયા છે અને ઘણા જવાનો ઘાયલ હોવાનું કહેવાય છે. અકસ્માત બાદ તરત જ જવાનોને બચાવી લેવાયા હતા. જેમને હોસ્પિટલમાં પણ દાખલ કરવામાં આવ્યા હતા, પરંતુ અકસ્માતમાં સાત સૈનિકોના મોત થયા હતા અને ઘણાને ગંભીર ઈજાઓ થઈ હતી. તેને સારવાર માટે વેસ્ટર્ન કમાન્ડમાં મોકલી શકાય છે. આર્મીની બસ કયા કારણોસર રોડ પરથી લપસીને નદીમાં પડી તે હજુ સ્પષ્ટ થયું નથી. આ ઘટના અંગે સેના દ્વારા સત્તાવાર નિવેદન બહાર પાડવામાં આવ્યું નથી. પરંતુ પ્રાથમિક માહિતી અનુસાર સૈનિકોની બસ ટ્રાન્ઝિટ કેમ્પથી સબ સેક્ટર હનીફના ફોરવર્ડ લોકેશન તરફ જઈ રહી હતી.

## રમત-ગમત ક્ષેત્રે શ્રેષ્ઠ પ્રદાન કરનાર જિલ્લાના મનોદિવ્યાંગ બાળકોને

# રમત-ગમત ક્ષેત્રે આગળ વધવા હરસંભવ મદદ કરવાની તત્પરતા દર્શાવતા જિલ્લા કલેકટર

લુણાવાડા,
ગુજરાતીમાં કહેવત છે અડગ મનના માનવીને હિમાલય પણ હરાવી શકતો નથી. સમાજમાં ઘણા બાળકો એવાં હોય છે કે, જેઓ જન્મજાત કોઈ ખોડ-ખાંપણ ધરાવતા હશે. પરંતુ કુદરતની લીલા કંઈક અપાર જ હોય છે. આવા ખોડ-ખાંપણ ધરાવતી વ્યકિતઓમાં કુદરતે તેમનામાં અખૂટ શકિતઓ ભરેલી હોય છે. માત્ર જરૂરી છે તેમની આ શકિતઓને ખીલવવાની.

રાજય સરકાર સામાન્ય બાળકોની જેમ દિવ્યાંગ બાળકો પણ ખેલકૂદ, રમત-ગમત ક્ષેત્ર સહિત અન્ય ક્ષેત્રે આગળ વધે તે માટે અનેકવિધ યોજનાઓ અમલમાં મૂકીને તેમની શકિતઓને બહાર લાવીને તેમની પ્રતિભા ખીલવવાનું ભગીરથ કામ કરી રહી છે.

રાજય સરકાર દ્વારા પ્રતિ વર્ષ જેમ સામાન્ય બાળકો માટે ખેલ મહાકુંભ યોજવામાં આવે છે તેમ દિવ્યાંગ બાળકો માટે પણ વિવિધ રમતોનું આયોજન કરવામાં આવી રહ્યું છે.

અહીં વાત કરવી છે મહીસાગર જિલ્લાના કેટલાંક મનોદિવ્યાંગ બાળકો કે જે બાળકોએ રમત-ગમત ક્ષેત્રે પોતાની પ્રતિભા દર્શાવીને જિલ્લા-રાજય-રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે પોતાનું નામ અંકિત કર્યું છે. રમત-ગમત ક્ષેત્રે



પોતાની પ્રતિભાઓનું નિદર્શન કરનાર મનોદિવ્યાંગ બાળકોએ આજે મહીસાગર-લુણાવાડાના જિલ્લા કલેકટર ડો. મનિષકુમારની શુભેચ્છા મુલાકાત લીધી હતી.

આ મનોદિવ્યાંગ બાળકોને સતત પ્રોત્સાહિત કરવા માટે પોતે દિવ્યાંગ હોવા છતાં બાળકોના વિકાસ માટે પ્રયત્નશીલ એવા સ્પેશિયલ એજયુકેટર રમેશભાઈ સોલંકીએ આ મનોદિવ્યાંગ બાળકોની જિલ્લા કલેકટર ડો. મનિષકુમારની શુભેચ્છા મુલાકાત માટે સાથે લઈને આવ્યા હતા.

આ મુલાકાત દરમિયાન સ્પેશિયલ એજયુકેટર રમેશભાઈ સોલંકીએ જિલ્લાના મનોદિવ્યાંગ બાળકોએ વિવિધ રમતોમાં હાંસલ કરેલ સિધ્ધિઓ વર્ણવી હતી જેમાં ફૂટબોલની રમતમાં બે વખત રાષ્ટ્રીય કક્ષાએ ભાગ લીધે રાધાબેન રામાભાઈ મછાર કે જે આંતરરાષ્ટ્રીય પસંદગી માટે જનાર છે, હેન્ડબોલની રમતમાં રાષ્ટ્રીય કક્ષાએ પસંદગી પામનાર હિતેશ જયંતિભાઈ મછાર જેને ખેલ મહાકુંભમાં રાજયકક્ષાએ ૫૦ મીટર વોકમાં બીજો અને ૧૦૦ મીટર વોકમં ત્રીજો ક્રમ પ્રાપ્ત કરેલ છે. રાજય કક્ષાએ બોચીની રમતમાં પ્રથમ ક્રમ હાંસલ કરનાર ઈશાબેન પટેલ, ગોળા ફેંકમાં રાજયકક્ષાએ દ્વિતીય ક્રમ પ્રાપ્ત કરનાર જલ્પાબેન અમૃતભાઈ મછાર, ૨૫ મીટર દોડમાં રાજયકક્ષાએ પ્રથમ નંબર અને ૫૦ મીટર વોકમાં ત્રીજો નંબર મેળવનાર પગી હિરલબેન રમેશભાઈ અને સોફટબોલ થ્રોમાં રાજયકક્ષાએ ભાગ લેનાર મેડા અમીતાબેન ભરતભાઈનો સમાવેશ થાય છે.

પોતે અપંગ હોવા છતાં પણ મનોદિવ્યાંગ બાળકોને સતત પ્રોત્સાહિત કરનાર એવા સ્પે. એજયુકેટર રમેશભાઈ સોલંકીની કામગીરીને જિલ્લા કલેકટર ડો. મનિષકુમારએ બિરદાવીને શુભકામનાઓ પાઠવી હતી.


જિલ્લા કલેકટર ડો. મનિષકુમારએ રમેશભાઈ સોલંકી તથા મનોદિવ્યાંગ રમતવીરો સાથે સંવાદ સાધીને તેઓની હજુ પણ શું જરૂરિયાત રહે છે તેની જાણકારી મેળવી હતી.

કલેકટર ડો. મનિષકુમારએ રમતવીરો સાથે સંવાદ સાધ્યા બાદ સ્પે. એજયુકેટર રમેશભાઈ સોલંકી તથા મનોદિવ્યાંગ રમતવીર બાળકોને રમત-ગમત ક્ષેત્રે હજુ પણ વધુ આગળ વધી ઉંચાઈના શિખરો સર કરવા માટે જરૂરી હરસંભવ મદદ કરવાની તત્પરતા દર્શાવી બાળકોને ભવિષ્યની શુભેચ્છાઓ અને અભિનંદન પાઠવ્યા હતા.

સ્પેશિયલ એજયુકેટર રમેશભાઈ સોલંકીની મનોદિવ્યાંગ રમતવીર બાળકોને જિલ્લા કલેકટર ડો. મનિષકુમારની આ શુભેચ્છા મુલાકાત દરમિયાન લુણાવાડાના ધારાસભ્ય જીજ્ઞેશભાઈ સેવક, જિલ્લા વિકાસ અધિકારી કે. ડી. લાખાણી અને જિલ્લા પોલીસ વડા રાકેશ બારોટ પણ ઉપસ્થિત રહ્યા હતા જેઓએ પણ બાળકોને શુભેચ્છાઓ પાઠવી હતી.

## આયુષ્યમાન યોજનાનો લાભ : લુણાવાડામાં પગના જોઈન્ટ રિપ્લેસમેન્ટનું ઓપરેશન વિનામૂલ્યે કરવામાં આવ્યું

લુણાવાડા,
પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના આજે ગરીબ-મધ્યમવર્ગના દર્દીઓ માટે આશીર્વાદરૂપ સાબિત થઈ રહી છે. કેમ કે ગરીબ-મધ્યમવર્ગની વ્યકિતઓ જયાં માંડ પોતાના કુટુંબ-પરિવારનું ગુજરાન ચલાવતા હોય તેમાંય જો કુટુંબ-પરિવારના કોઈ સભ્યને મોટી બિમારી કે કોઈ ઓપરેશન કરાવવાનું થાય તો તેનો ખર્ચ કેવી રીતે કાઢવો પણ તેમના માટે સમસ્યા બની જતો હોય છે ત્યારે લુણાવાડા ખાતે લુહાર ફળિયામાં રહેતા ૫૫ વર્ષિય વિનોદભાઈ પંચાલ કે જેઓને છેલ્લા સાત વર્ષથી પગની સમસ્યા હતી તેઓ સારી રીતે ચાલી પણ નહોતા શકતા તેઓ માટે પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના આશીર્વાદરૂપ બની રહી છે.



લુણાવાડાના લુહાર ફળિયામાં રહેતા વિનોદભાઈ પંચાલ જેમના પરિવારમાં ત્રણ સભ્યો છે. જેઓ ટી.વી.ની દુકાનમાં કામ કરીને પોતાનું અને પરિવારનું ગુજરાન ચલાવી રહ્યા છે. જેમાં માંડ તેઓના પરિવારનું ગુજરાન ચાલતું હોય ત્યાં વિનોદભાઈને છેલ્લા સાત વર્ષથી પગની સમસ્યા સતાવી રહી હતી. જેના કારણે તેમને ચાલવામાં પણ તકલીફ થતાં સારી રીતે ચાલી શકતા નહોતા. તેમને તેના પગની સમસ્યા માટે હોસ્પિટલમાં બતાવતા જાણ થયું કે પગમાં ઘસારો અને જોઈન્ટ રિપ્લેસમેન્ટ માટે ઓપરેશન કરાવવું પડશે. આ ઓપરેશનનો ખર્ચો ખૂબ જ આવે તેવો હતો પણ મારી આ ચિંતા દૂર કરવાનું કામ પ્રધાનમંત્રીના આયુષ્યમાન કાર્ડે કર્યુ હોવાનું વિનોદભાઈ પંચાલે એક મુલાકાતમાં કહ્યું હતું.

તેમણે મુલાકાત દરમિયાન જણાવ્યું કે, મને જાણવા મળેલ હતું કે, ગરીબ-મધ્યમવર્ગના લોકો માટે રાજય અને કેન્દ્ર સરકાર દ્વારા આરોગ્યની યોજનાઓ છે જો તમારી પાસે આયુષ્માન કાર્ડ હોય તો પાંચ લાખ સુધી સરકાર દ્વારા મફત સારવાર આપવામાં આવે છે. તો મેં આયુષ્માન કાર્ડ કઢાવી લીધું હતું. અને આ કાર્ડ હોવાથી મારા પગનું જોઈન્ટ રીપ્લેસમેન્ટનું ઓપરેશન લુણાવાડાની આયુષ હોસ્પિટલમાં વિનામૂલ્યે કરી આપવામાં આવ્યું. આ ઓપરેશન કરાવ્યા બાદ આજે હું સંપૂર્ણપણે ચાલી શકું છે અને કોઈ તકલીફ નથી.

જોઈન્ટ રિપ્લેસમેન્ટનું ઓપરેશન કરાવ્યા બાદ રાહત અનુભવતા વિનોદભાઈ પંચાલ કહે છે કે, સરકારની આ યોજનાને કારણે આજે હું સ્વસ્થ છું અને મફત ઓપરેશન થવાથી ખુશી અનુભવતા તેમણે પ્રધાનમંત્રી અને સરકારનો આભાર માનતાં કહે છે કે, આ કાર્ડના કારણે આજે મારા જેવા અનેક પરિવારોને લાભ મળી રહ્યો છે.

આમ, પ્રધાનમંત્રી જનઆરોગ્ય યોજનાઆયુષ્યમાન કાર્ડ આજે લાખો ગરીબ-મધ્યમવર્ગના પરિવારો માટે આશીર્વાદરૂપ બનવાની સાથે તેમના માટે એક આરોગ્યલક્ષી સેવાઓ સહિત નાના-મોટા કોઈપણ રોગની સામે સુરક્ષા કવચ પ્રદાન કરનારી યોજના બની રહી છે.

## મહીસાગર જિલ્લામાં દવા-બિયારણ અને ખાતરનું વેચાણ કરતાં વિક્રેતાઓની આંતર જિલ્લા સ્કોવડ ટીમ દ્વારા ઓચિંતી ચકાસણી હાથ ધરાઈ

લુણાવાડા,
આગામી ચોમાસાની ઋતુને ધ્યાનમાં રાખીને તેમજ ખેડૂતોને સાચું અને શુધ્ધ દવા-બિયારણ અને ખાતર મળી રહે તેમજ ખેડૂતો દ્વારા તેનો ઉપયોગ કરવાથી તેમના પાકને નુકશાન ન થાય અને તેઓને તેઓના પાકના પોષણક્ષમ ભાવો મળી રહે તે માટે વડોદરાના સંયુકત ખેતી નિયામક (વિસ્તરણ) દ્વારા આંતર જિલ્લા સ્કવોડની રચના કરવામાં આવી છે.



તસ્વીર : ધ્રુવ દરજી, લુણાવાડા

વડોદરાના સંયુકત ખેતી નિયામક (વિસ્તરણ) દ્વારા છોટાઉદેપુર જિલ્લાના નાયબ ખેતી નિયામક (વિસ્તરણ) કે. વી. પટેલની આગેવાની હેઠળ સ્કવોડ ટીમની રચના કરી મહીસાગર જિલ્લાની જવાબદારી સોંપવામાં આવતા આ સ્કોવડ ટીમ દ્વારા મહીસાગર જિલ્લામાં ગઈકાલ તા. ૨૬/૫/૨૦૨૨ થી દવા-બિયારણ અને ખાતરનું વેચાણ કરતા વિક્રેતાઓની ઓંચિતી ચકાસણી હાથ ધરવામાં આવી છે અને આજે તા. ૨૮/૫/૨૦૨૨ના રોજ પણ આ ઓચિંતી ચકાસણીની કામગીરી ચાલુ રહેશે.

છોટાઉદેપુર જિલ્લાના નાયબ ખેતી નિયામક(વિસ્તરણ) કે. વી. પટેલની આગેવાની હેઠળની ટીમમાં કવોલિટી કંટ્રોલ ઈન્સ્પેકટર એમ. આઈ. સકસેના અને આર.એન.ભગોરાની બનેલ સંયુકત ટીમ દ્વારા જિલ્લામાં હાથ ધરવામાં આવેલ આ ઓચિંતી ચકાસણી દરમિયાન ટીમ દ્વારા દવા, બિયારણ અને ખાતરનું વેચાણ કરતા વિક્રેતાઓ નિયમાનુસાર વેચાણ કરે છે કે કેમ ? નકલી દવા, બિયારણ અને ખાતરનું તો વેચાણ નથી કરતાને ? જેવી બાબતોની ચકાસણી હાથ ધરવામાં આવી હતી.

આ ટીમ દ્વારા કરવામાં આવેલ ચકાસણી દરમિયાન જિલ્લાના સંતરામપુરના એગ્રી બિઝનેસ સેન્ટર અને ખાનપુરના સેવાધારી ટ્રસ્ટને ખાતર વેચાણમાં અનિયમિતતા જણાઈ આવતા આ બંનેના ગોડાઉન સીલ કરવામાં આવ્યા છે. જયારે અત્યારસુધીમાં જિલ્લાના ૨૪ વિક્રેતાઓને અનિયમિતતા બદલ શો-કોઝ નોટીસો પાઠવવામાં આવી હોવાનું જયારે દવા, બિયારણ અને ખાતરના શંકાસ્પદ લાગતા ૮ (આઠ) નમૂના ચકાસણી અર્થે પ્રયોગશાળામાં મોકલી આપવામાં આવ્યું હોવાનું ખેતીવાડી અધિકારી એમ. આઈ. સકસેનાએ એક યાદી દ્વારા જણાવ્યું છે.

## પંચહાલ રેન્જ બટકવાડા પાસે ૪૨ હજારના દારૂ સાથે બે ઈસમોને LCB પોલીસે ઝડપ્યા

સંતરામપુર,
રાજસ્થાન તરફથી વિદેશી દારૂ લઈ આવતા બે ઈસમોને કુલ રૂ.૪૨,૩૨૦/-ના પ્રોહી મુદ્દામાલ સાથે પકડી પ્રોહીબીશનનો ગણનાપાત્ર કેસ કરવામાં મહિસાગર લોકલ ક્રાઈમ બ્રાન્ચને મળેલ સફળતા.

પંચમહાલ રેન્જ નાયબ પોલીસ મહાનિરીક્ષક એમ.એસ.ભરાડા સાહેબ તથા મહીસાગર જીલ્લા પોલીસ અધિક્ષક રાકેશ બારોટ દ્વારા મહીસાગર જિલ્લાકના દારૂની હેર-ફેર તથા વેચાણ સહિતની પ્રોહિબીશનની અસામાજીક પ્રવૃતિ કરનાર ઈસમો સામે કડક હાથે કાર્યવાહી કરવા સુચના કરેલ હોય એલ.સી.બી પોલીસ ઈન્સપેકટર વી.ડી.ધોરડાનાઓની સુચના અને માર્ગદર્શન આધારે એલ.સી.બી.



તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

સ્ટાફના માણસો કોમ્બીંગ નાઈટ અનુસંધાને સંતરામપુર પો સ્ટે. વિસ્તારમાં પેટ્રોલીંગ તથા વાહન ચેકીંગમાં હતા.

એલ.સી.બી.પો.સ.ઈ.ને ખાનગી રાહે બાતમી મળેલ કે, રાજસ્થાન તરફથી સીમલીયા બટકવાડા તરફ એક નંબર વગરની ટી.વી.એસ.જયુપીટર ઉપર વિદેશી દારૂ લઈ જવામાં આવનાર છે. જે આધારે બટકવાડા ત્રણ રસ્તા ઉપર નાકાબંધીમાં હતા. ત્યારે (૧) રમેશભાઈ રમણભાઈ ચંદાણા (૨) કાલીશભાઈ દિનેશભાઈ ચંદાણા બન્ને રહે વાઘદરી ફળીયુ, બટકવાડા તા.સંતરામપુર જી-મહીસાગરનાઓ નંબર વગરની ટી.વી.એસ. જયુપીટર લઈ આવતા તેઓને ઝડપી પાડેલા તથા તેમની પાસેના થેલાઓમાં ચેક કરતા ભારતીય બનાવટની દારૂની નાની-મોટી બોટલો નંગ૩૬૪ જેની કૂલ કીંમત રૂા.૪૨,૩૨૦/- તથા જયુપીટર મો.સા.ની કિ.રૂા.૨૫,૦૦૦/- તથા આરોપીઓની અંગઝડતીમાંથી મળી આવેલ મોબાઈલ નંગ-૧ ની કિ.રૂા.૫,૦૦૦/- તથા રોકડ રૂપિયા ૧,૪૫૦/- મળી કુલ કિ.રૂા.૭૩,૭૭૦/- નો મુદ્દામાલ મળી આવેલ જેથી બન્ને ઈસમો વિરૂધ્ધ પ્રોહી એકટ કલમ ૬૫ ઈ,૯૮ (૨), ૮૧,૧૧૬ મુજબ સંતરામપુર પો.સ્ટે. ગુનો નોધી આગળની કાયદેસર કાર્યવાહી કરેલ છે.

## ખાનપુરના ગાંગટા ગામે જીપ ચાલકે બાઈકને અડફેટે લેતા એક વ્યકિતનું મોત

લુણાવાડા,
મહિસાગર જિલ્લાના ખાનપુર તાલુકાના ગાંગટા ગામે જીપના ચાલકે બાઈકને અડફેટે લેતા એકનુ મોત નીપજયું હતુ જયારે જીપનો ચાલક અકસ્માત સર્જી ફરાર થઈ ગયો હતો. પ્રાપ્ત માહિતી અનુસાર કડાણા તાલુકાના પદમાંજીની મુવાડીમાં રહેતા દિનેશભાઈ હિરાભાઈ માછીનો ભત્રીજો પ્રવિણભાઈ બાઈક લઈ ઘરવખરીનો સામાન લેવા તેની પત્નિ કિર્તીની સાથે લુણાવાડા ગયા હતા. ત્યાંથી તેઓ હાલમાં જ નવા લગ્ન થયેલ હોવાથી કલેશ્વરી દર્શન કરવા જતા હતા. લુણાવાાથી કલેશ્વરી જતા વચ્ચે ગાંગટા ગામની સીમમાં અજાણ્યા જીપના ચાલકે તેઓને બાઈકને પાછળના ભાગે ટકકર મારી ત્યાંથી નાસી ગયો હતો. બંને નીચે પડી જતા બંનેને માથામાં ગંભીર ઈજાઓ થતાં ૧૦૮ મારફતે લુણાવાડા સરકારી દવાખાને લઈ જવાયા હતા અને જયાં વધુ સારવાર માટે હોસ્પિટલમાં ખસેડાતા કિર્તીબહેનનુ મોત નીપજયું હતુ. પ્રવિણભાઈને વધુ સારવાર માટે મોડાસા લઈ જવામાં આવ્યા હતા. બનાવની ફરિયાદ દિનેશભાઈ હિરાભાઈ માછીએ બાકોર પોલીસ સ્ટેશન ફરિયાદ નોંધાવતા બાકોર પોલીસે અજાણ્યા જીપના ચાલક વિરુદ્ધ ફરિયાદ નોંધી આગળ કાર્યવાહી હાથ ધરી હતી.

## ઉમરેઠના ધામણા ખાતે ૩૦ ગુજરાત NCC બટાલીયનના દશ દિવસ CATC-1 કેમ્પ યોજાયો



ગોધરા,
૩૦ ગુજરાત એનસીસી બટાલિયન દ્વારા ડાકોર અને ઉમરેઠ તાલુકાના થામણા મુકામે તારીખ ૧૫ મે ૨૦૨૨ થી ૨૪ મે ૨૦૨૨ સુધી દસ દિવસીય CATC-1 કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં પંચમહાલ, દાહોદ અને મહીસાગર જિલ્લામાં આવેલી વિવિધ સ્કૂલ અને કોલેજના એનસીસી કેડેટ એ ભાગ લઈ તાલીમ લીધી હતી. ૩૦ ગુજરાત એનસીસી બટાલિયન દ્વારા વિવિધ સ્કૂલ અને કોલેજના એનસીસી કેડેટ ને ડ્રીલ, વેપન ટ્રેનિંગ, ઓપસ્ટિકલ, જજીગ ડિસ્ટન્સ, મેપ રીડિંગ જેવી તાલીમ આપવામાં આવી હતી. સાથે સાથે વિવિધ પ્રકારની રમતો સાંસ્કૃતિક કાર્યક્રમો જનજાગૃતિ અભિયાન સ્વચ્છતા અભિયાન બેટી બચાવો બેટી પઢાવો જેવા કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા. CATC-1કેમ્પના પૂર્ણાહુતિમાં ૩૦ ગુજરાત એનસીસી બટાલિયનના કમાન્ડિંગ ઓફિસર કર્નલ કિરીટ નાયર અને સૂબેદાર મેજર તથા થામણા ગ્રામ પંચાયતના સરપંચના વરદ હસ્તે વિવિધ સ્પર્ધાઓમાં ભાગ લીધેલા એનસીસી કેડેટને મેડલ એનાયત કરી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. ૩૦ ગુજરાત એનસીસી બટાલિયનના કમાન્ડિંગ ઓફિસર કર્નલ કિરીટ નાયરએ CATC-1 કેમ્પનું સુદર આયોજન કરી કેમ્પને સફળ બનાવ્યો હતો.

## ઘોઘંબાના બોરીયા મુકામે લગ્નની ચાલતી સીઝન વચ્ચે આદિવાસી રીત-રિવાજ અનુસાર બાબા ઈંદ પીઠોરા દેવની માનતાની ભારે આસ્થાભેર સાથે ધામધૂમથી ઉજવણી કરવામાં આવી

ઘોઘંબા,
ઘોઘંબાના બોરીયા મુકામે લગ્નની ચાલતી સીઝન વચ્ચે આદિવાસી રીત-રિવાજ અનુસાર બાબા ઈંદ પીઠોરા દેવની માનતાંની ભારે આસ્થાભેર સાથે ધામધૂમથી ઉજવણી કરવામાં આવી. જેમાં બોરીયા સહિત પાલ્લા, જુનાં દાવોદ્રા, ગમીરપુરા, બોરકંડા, ઉડવા જેવાં આજુબાજુના અન્ય ગામના લોકો ભેગાં મળીને મોટલા ઢોલ તથા ઢોલિયા, શરણાઈ અને દદુડી તથા વાંસળીના તાલે કુરરરરરૂઉઉઉઉઉઉ જેવી કિકિયારીઓ અને હબબબબબૂઊઊઉઉઊની બુમલી કરીને નાચગાન કરી મજા લુંટતા સાથે મળીને ખૂબ ઉમંગ સાથે નાચતાં-કૂદતાં ઢોલ સાથે ઘરનાં આંગણા રોપવામાં આવેલ ડાળોની ફરતે ગોળ ગોળ ફરીને ખૂબ આનંદ માણ્યો હતો. તાલુકાના અંતરિયાળ ગામોમાં વસતાં રાઠવાઓમાં ગામ શાય જુવારીયો, કરોડીયો, પીઠોરાં જેવાં બાબા ઈંદની ઉજવણી દરમિયાન બાબા પિઠોરા દેવ લખાવવા જેવી વિધિઓ પણ કરાવવામાં



તસ્વીર : યોગેશ કનોજીયા, ઘોઘંબા

આવતી હોય છે, બાબા ઈંદની ઉજવણી કાર્યક્રમ ખાસ કરીને પંચમહાલ, છોટાઉદેપુરના આદિવાસી રાઠવાઓમાં બુધવારે (ગુજરીના દાહડે) રાખવામાં આવે છે. તો કેટલાક ગામોમાં રવિવારે (દીતવારના દાહડે) આ વિધિ કરાતી હોય છે. ગામસાઈ જુવારીયા ઈંદમાં આદિવાસી વિસ્તારનાં ગામોમાં જ્યાં દેવો, બેસાડવામાં આવેલ છે. ત્યાં દર પાંચ વર્ષે ગામલોકો ભેગા મળી અનાજ અને ફંડ ફાળો એકત્રિત કરી જુવારિયો ઈંદનો તહેવાર ઉજવવામાં આવતો હોય છે. આ જુવારિયાં ઈંદના તહેવારમાં જેવા પ્રસંગો માં ગામેગામ થી સગાં સંબંધીઓને નોતરૂં (પડીકી)આપવામાં આવે છે. જેથી સગાં સંબંધીઓ ગામેગામ થી પોતાના આદિવાસી પહેરવેશ પરિધાન કરીને સજી ધજીને અલગ અલગ ગ્રુપોમાં ઈંદ મહાલવા આવતા હોય છે અને સાથે સામાજિક રીતે ચાલી આવતી પરંપરાઓ મુજબ ભેંટ લઈને આવવું અને જે ભેંટ લઈને આવ્યા હોય તે પ્રમાણે યુવતીઓ બાબા ઈંદ ના ગીતો ગાતાં ગાતાં આવવા જેવી વર્ષો જૂની પ્રણાલીઓ આજે પણ અકબંધ છે. બાળક માંદુ રહેતું હોય, કોઈને બાળક ન થતું હોય,ઘરમાં કોઈ સભ્યની ભારે માંદગી રહેતી હોય, ઘર કુટુંબમાં સામાજિક, આર્થિક મુશ્કેલીઓ રહેતી હોય, ગામ ફળિયાનાં ખેતરનાં પાકને નુકશાન થતું હોય, પાળેલા પશુઓમાં રોગચાળો કાયમ રહેતો હોય આવા અનેક કારણોસર દુઃખોનાં નિવારણ માટે રાઠવાઓમાં અલગ અલગ દેવ દેવીઓની બાધા માનતા રાખવામાં આવે છે. જેમાં પોંણગું, ઈંદ, પીઠોરો કે પીઢી બદલવી મુખ્ય અને મોટી બાધાઓ છે. આવી બાધા માનતાઓ લગ્નવિધિની જેવીને જેટલી લાંબી હોય છે. જેમાં ઘરનાનાં લોકો, કુટુંબ અને સગાંઓ ભેગાં મળી માનતા પૂરી કરતાં હોય છે. જેમાં મોટી સંખ્યામાં લોકો ઉમટી પડતાં હોય છે.

## આપની આજ.......

મેષ : તમે તમારા જીવનસાથી સાથે સારો સમય પસાર કરશો. સફળ વ્યાવસાયિક યોજનાઓ તમારી પ્રતિષ્ઠામાં વધારો કરશે અને તમારા બધા કાર્યોમાં મદદરૂપ થશે. પારિવારિક સમસ્યાઓનો અંત અને મહત્વપૂર્ણ કાર્યો સંપન્ન થતા તમારું વર્ચસ્વ વધશે.

વૃષભ : આજનો દિવસ મિશ્રિત ફળ આપશે. વિદ્યાર્થીઓ માટે વિદેશમાં શિક્ષણ મેળવવા, કાર્યોમાં એકાગ્રતા જાળવવા માટે સમય સારો છે. વાણીની નરમાઈ તમારી પ્રતિષ્ઠામાં વધારો કરશે. પ્રતિકૂળ સંજોગોમાં પણ તમારો સ્વભાવ પ્રેરણાદાયક રહેશે.

મિથુન : આજનો દિવસ સાધારણ ફળદાયક રહેશે. ધંધામાં કોઈ સાથીદાર કે સંબંધી દ્વારા માનસિક તણાવ પેદા થઈ શકે છે, ધૈર્ય રાખો. પૈસાના વ્યવહારમાં સાવચેત રહો, નહીં તો આજે અપાયેલા પૈસા પાછા આવવાની સંભાવના ઓછી રહેશે.

કર્ક : અચાનક પારિવારિક ખર્ચ માનસિક દબાણમાં વધારો કરી શકે છે. આજીવિકાના ક્ષેત્રે ચાલુ પ્રયત્નો સફળ થશે અને ભાઈઓના સહયોગથી લાભની સ્થિતિ ઉદ્ભવશે. રાજકીય સહયોગ મળશે અને અટકેલા સરકારી કામ પૂરા થશે.

સિંહ : જીવનસાથી તમારી સર્જનાત્મક ક્રિયાઓથી પ્રભાવિત થશે અને મહત્વપૂર્ણ કાર્યોમાં તમારી સલાહ લેશે. ધાર્મિક કાર્યમાં થોડો ખર્ચ થશે, પરંતુ તે તમારી ખ્યાતિમાં વધારો કરશે. વ્યવસાયની દિશામાં કરવામાં આવેલા સકારાત્મક પરિવર્તનથી તમને સફળતા મળશે.

કન્યા : કૌટુંબિક સહયોગ મળશે અને નવા વેપારીઓને લાભ થશે. રાજકીય દિશામાં કરવામાં આવેલા પ્રયત્નો ફળદાયી થશે, સાર્વજનિક સારો સહયોગ પ્રાપ્ત થશે.

તુલા : લવ મેરેજ ઈચ્છુક માટે સમય અનુકૂળ છે. શરૂઆતમાં થોડા અવરોધ ઊભા થશે પણ અંતે દરેક જણ તમારી સાથે સહમત થતા જોવા મળશે. માતાના સ્વાસ્થ્યની સંભાળ રાખો અને ડોકટરો પાસે તપાસ કરાવો.

વૃશ્ચિક : વિદ્યાર્થીઓને ગુરુઓની મદદથી ભાવિની યોજના બનાવવાની તક મળશે. આજીવિકા રોજગારની દિશામાં કરવામાં આવેલા પ્રયત્નોથી સફળતા મળશે. પ્રેમ જીવનમાં તમને ભેટ મળશે.

ધનુ : વધુ મહેનતને કારણે સ્વાસ્થ્ય કંઈક નરમ રહેશે. સમાજ તરફથી ઈચ્છિત સહયોગ મળશે. જો તમે નોકરી કરો છો તો તમારા અધિકારો વધશે અને જવાબદારી વધશે.

મકર : તમને કોર્ટ સંબંધિત બાબતોમાં ફાયદો થશે અને નસીબ પણ જોખમી નિર્ણયમાં તમને સહયોગ આપશે. વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણમાં જે અવરોધ નડે છે તેનો અંત આવશે, પરંતુ સ્વાસ્થ્ય પ્રત્યે ઉદાસીનતા ના બનો.

કુંભ : ઈચ્છાશક્તિ અને સંકલ્પના કારણે તમને ધંધામાં સારો લાભ મળશે અને મિત્રોની સહાયથી વ્યવસાયિક યોજના મજબૂત બનશે. પિતાનું માર્ગદર્શન તમને મુશ્કેલ નિર્ણયો લેવામાં મદદ કરશે.

મીન : ધંધામાં લાભની શરતો રહેશે અને નવી તકો પણ મળશે. તબીબી વ્યાવસાયિકોની પ્રતિષ્ઠા વધશે અને આર્થિક સ્થિતિ સુધરતી રહેશે. લવ લાઈફમાં વધારે અપેક્ષાઓ નિરાશા તરફ દોરી શકે છે. તમારા ભાઈની આર્થિક સ્થિતિ મજબૂત રહેવાથી તમે ખુશ થશો અને તમારો ભાર પણ ઓછો થશે. બેરોજગાર લોકોને રોજગાર મળે તેવી સંભાવના છે.

Azadi Ka Amrit Mahotsav


ગુજરાત સરકાર

# ભારતના યશસ્વી વડાપ્રધાન
# શ્રી નરેન્દ્રભાઈ મોદી
## ની પ્રેરક ઉપસ્થિતિમાં
# આવો, સહુ સાથે મળી, સહકારી ચળવળને વેગવંતી બનાવીએ



**શ્રી નરેન્દ્રભાઇ મોદી**
માન. વડાપ્રધાન

# સહકારથી સમૃદ્ધિ



**શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ**
માન. મુખ્યમંત્રી

**તારીખ: ૨૮-૦૫-૨૦૨૨ • સમય: બપોરે ૨:૦૦ વાગે**
**સ્થળ: મહાત્મા મંદિર, ગાંધીનગર**

### સહકારી ક્ષેત્રનો વ્યાપ
- ૮૪૦૦૦ કરતા વધુ સહકારી મંડળીઓ
- ૨.૩૧ કરોડ સભાસદો, દર ત્રીજો ગુજરાતી સહકારી મંડળીનો સભાસદ

### પાક/કે.સી.સી. ધિરાણ પર વ્યાજ સહાય
- ખેડૂતોને પાક ધિરાણ પર આપવામાં આવતી વ્યાજ સહાય હવે રવિ સિઝન માટે પણ આપવામાં આવશે.
- પશુપાલકો અને માછીમારોને પણ રાજ્ય સરકાર દ્વારા કે.સી.સી. ધિરાણ પર ૪ ટકા વ્યાજ સહાય
- ખેડૂતો, પશુપાલકો અને માછીમારોને વ્યાજ સહાય માટે રૂ.૧૬૨૫ કરોડની બજેટ જોગવાઈ

### આત્મનિર્ભર ગુજરાત સહાય યોજના
- ૨,૦૬,૨૯૮ લાભાર્થીઓને રૂ.૨૫૦૭.૦૩ કરોડની લોન
- રૂ.૨૦૮ કરોડથી વધુની વ્યાજ સહાય અને ઈન્સેન્ટીવ

### મોડલ કોઓપરેટીવ વિલેજ યોજના
- અમદાવાદ જિલ્લાના આદરોડા અને રેથલ, ગાંધીનગર જિલ્લાના ઈસનપુર મોટા અને આદરજ મોટી, રાજકોટ જિલ્લાના કોલીથડ તથા પંચમહાલ જિલ્લાના પીપેરો ગામની મોડલ કો-ઓપરેટીવ વિલેજ તરીકે પસંદગી
- મોડલ કો-ઓપરેટીવ વિલેજમાં તમામ સાધન-સુવિધા અને સેવાઓ સહકારી સંસ્થાઓ મારફત પુરી પાડવામાં આવશે.



**કાર્યક્રમ સાથે લાઇવ જોડાવા માટે જુઓ:**

CMOGuj | CMOGuj | CMOGujarat



**કૃષિ,ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, ગુજરાત રાજ્ય**

# કાલોલ નગર પાલિકા વિસ્તારમાં પેવર બ્લોકની કામગીરીમાં ગેરરીતિના આક્ષેપ

- કાલોલ પાલિકા વિસ્તારમાં રુપિયા ૩.૯૦ કરોડ ના પેવર બ્લોક ની કામગીરી ચાલી રહી છે.
- ખુદ પાલિકા ના પૂર્વ પ્રમુખ અને હાલ ના સભ્ય એ લગાવ્યા ગંભીર આક્ષેપ.
- ટેન્ડર પ્રક્રિયા મુજબ નથી થઈ રહી કામગીરી.
- કાલોલ નગર માં નાખતા પેવર બ્લોક ની કામગીરી માં ભ્રષ્ટાચાર ના આક્ષેપ.
- હલકી ગુણવત્તા ના પેવરબ્લોક નાખી કટકી મારી હોવાના લાગ્યા આરોપ.
- કોન્ટ્રાક્ટર દ્વારા હલકી ગુણવત્તા નું મટિરિટીલ વાપરી મોટી ખાયકી ના આક્ષેપ.





તસ્વીર : નુર બાલા, વેજલપુર

કાલોલ,

પંચમહાલના કાલોલ નગર પાલિકા વિસ્તારમાં કરોડોની પેવર બ્લોક કામગીરીમાં વ્યાપક ભ્રષ્ટાચાર અને નિતી નિયમો નેવે મૂકી કામગિરી થતી હોવાની રજુઆત પાલિકાના જ પૂર્વ પ્રમુખે કરતા કાલોલ નગરમાં હડકંપ મચી જવા પામ્યો હતો.

કાલોલ નગર પાલિકા વિસ્તારની અલગ અલગ સોસાયટીઓમાં હાલ અંદાજીત ૩.૯૦ કરોડ રૂપિયાના પેવર બ્લોક નાખવાની કામગીરી ચાલી રહી છે. પરંતુ આ કામગીરીમાં ખૂબ જ મોટા પાયે ગેરરીતિ આચરાતી હોવાની લેખિત રજુઆત અને આક્ષેપો ખૂબ પાલિકાના પૂર્વ પ્રમુખ અને હાલના વોર્ડ નંબર-૧ ના સભ્ય કિરીટ પટેલે કર્યા છે. કિરીટભાઈના આક્ષેપો મુજબ હાલ પેવર બ્લોકની કામગીરી ચાલી રહી છે. તેમા ટેન્ડરની શરતોનો છડેચોક ભંગ થતો હોવાનો તેમજ ગુણવત્તા યુક્ત મટિરિટીલ નહિ વાપરતા હોવાના ગંભીર આક્ષેપો કરતા જણાવ્યું છે કે, હાલ જે પણ બ્લોક આવે છે. તે હાલના પ્રમુખના પતિની ફેકટરી માંથી જ આવે છે. જે ખૂબ જ હલકી ગુણવત્તા ના હોય છે. પોતાની ફર્મને ફાયદો કરાવવા માટે હાલના પ્રમુખ પતિએ પેવર બ્લોક કાંડમાં હાથ કાળા કર્યા હોવાના આક્ષેપો લગાવ્યા છે. જો કે રજુઆત બાદ પણ પાલિકા બાંધકામ શાખાના અધિકારીઓ દ્વારા આ ભ્રષ્ટાચાર યુકત કામગીરીનું ચેકીંગ કરીને બંધ કરાવવા માટે કોઈ કાર્યવાહી ન કરી હોવાના પણ આક્ષેપો છે. ત્યારે આટલી મોટી માત્રામાં ખરીદાયેલ પેવર બ્લોકની ગેરી જેવી સંસ્થા માંથી ગુણવત્તા સર્ટિફિકેટ મેળવ્યા વગર જ કાલોલ નગરમાં પેવર બ્લોક નાખવાની કામગીરી આરંભી દેવામાં આવતા પૂર્વ પાલિકા પ્રમુખ સહિતના લોકોમાં ભારે રોષ જોવા મળી આવ્યો હતો.

જો કે, આ સમગ્ર પેવર બ્લોક કૌભાંડ મામલે કાલોલ પાલિકાના બાંધકામ શાખાના અધિકારી તો કંઈક અલગ જ રાગ આલાપી રહ્યા છે. તેમના મતે કામગીરીમાં કોઈ જ ગેરરીતિ થઈ નથી અને સબ સલામત હોવાની વાત કરી રહ્યા છે. ત્યારે સ્થળ પર જોવા મળેલ કામગીરી અનેક સવાલો ઉભા કરી રહી છે !

કાલોલ નગરમાં નાંખતા બ્લોક તેને પ્રથમ નજરે જોતા હલકી ગુણવત્તાના લાગે છે. ત્યારે સરેરાશ કરતા ઉંચાઈ પરથી નીચે નાખતા તૂટી જાય છે. જો આ બ્લોકની ગુણવવતા અને કામગીરી ચકાસણી કરવામાં આવે તો ભ્રષ્ટાચાર નીકળી શકે છે. જેમ ઉચ્ચ અધિકારીઓ દ્વારા તટસ્થ તપાસ થાય તે જરૂર છે. સરકારના પૈસાનો દૂર ઉપયોગ થતો અટકવો જોઈએ.

## દાહોદમાં જમીન દલાલની હત્યાના આરોપીને સાથે રાખી હત્યાની ઘટનાનું રીકન્સ્ટ્રકશન કરાયું



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

દાહોદના વલ્લભ ચોક ખાતે સમી સાંજે ઉપરાછાપરી ચપ્પુના ઘા ઝીંકી જમીન દલાલની કરાયેલી હત્યામાં સંડોવાયેલ આરોપી ને લઈને પોલીસે આજે આખી ઘટનાનું રીકન્સ્ટ્રકશન કરી વિડીયોગ્રાફી કરી હતી. પોલીસ દ્વારા કરાયેલા રીકન્સ્ટ્રકશન દરમિયાન છે. જે લોકટોળા ઉમટી પડ્યા હતા તો હત્યારા અને આરોપીઓએ સમગ્ર ઘટનાને પોલીસ સમક્ષ વર્ણવી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે હત્યા માટે ખરીદેલા ચપ્પુની ધાર પણ કરાવવામાં આવી હતી. શહેરની નગીના મસ્જિદ પાસે ધાર કાઢવાની કામગીરી કરતા વેપારીને ત્યાં ચપ્પુને ધારદાર બનાવવામાં આવ્યું હતું. આ ઘટનાના વેપારી આરોપીની ઓળખ કરાવી હતી. આમ પોલીસે આજે સમગ્ર હત્યા પ્રકરણમાં કયા સમયે શું થયું હતું. અત્યારના પ્લાન મુજબ કોણે શું રોલ ભજવ્યો હતો, તે તમામ માહિતી મેળવી હતી.

દાહોદ શહેરના એમ.જી.રોડના કુકડા ચોક ખાતે સમી સાંજે દાહોદ શહેરવા વ્હોરા સમાજના યુનુસનું મુસ્તુફાએ ચપ્પુના ઘા મારી હત્યાના બનાવમાં પોલીસે એકપછી એક આરોપી મળી કુલ ચાર આરોપીઓને ઝડપી પાડ્યાં હતાં ત્યારે પોલીસે મુખ્ય આરોપી યુનુસને આજે સાથે રાખી અનેક સ્થળોએ રીકન્સ્ટ્રકશન કર્યું હતું. કુકડા ચોક ખાતે જે સ્થળે મર્ડરને અંજામ આપવામાં આવ્યો હતો. તે સ્થળ સહિત શહેરના અનેક સ્થળોએ પોલીસ દ્વારા આરોપી મુસ્તુફાને રાખી રાખી રિકન્સ્ટ્રકશન કરવામાં આવ્યું હતું. સ્થળોએ પોલીસ પહોંચતાં સ્થળ પર લોકટોળા ઉમટી પડ્યાં હતાં. લોકોમાં પણ તરેહ તરેહની ચર્ચાઓ ભારે જોર પડ્યું છે. આ ઘટનામાં પોલીસે ચારેય આરોપીઓને ઝડપી પાડ્યાં છે અને ચારેય આરોપીઓ હાલ પોલીસ કસ્ટડીમાં રિમાન્ડ હેઠળ છે. ત્યારે આ ઘટનામાં આજે પોલીસે આરોપીને સાથે રાખી સ્થળોનું રિકન્સ્ટ્રકશન કર્યું હતું. તો બીજી તરફ આ ઘટનામાં રિમાન્ડ દરમ્યાન આરોપીઓ પાસે અન્ય સઘળી વિગતો બહાર આવવાની પણ સંભાવનાઓ વ્યક્ત કરવામાં આવી રહી છે. આ ઘટનામાં અન્ય કોઈ આરોપીઓની સંડોવણી હશે કે નહીં? જેવા અનેક સવાલો પણ લોકોમાં ઉઠવા પામ્યાં છે.

## પંચમહાલ જીલ્લો સહકાર થી સમૃધ્ધી તરફ “પ્રયાણ” : કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી, અમિતભાઈ શાહ બનશે ગોધરાના મહેમાન




ગોધરા,

પંચમહાલ જિલ્લામાં કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી, ભારત સરકાર અમિતભાઈ શાહના અધ્યક્ષસ્થાને ૨૯મી મે-૨૦૨૨ ના રોજ સવારે ૦૮.૦૦ કલાકે, ધી પંચમહાલ જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી. ના ઓકિસજન પ્લાન્ટ અને પંચમહાલ ડિસ્ટ્રિક્ટ કો.ઓ.બેન્કના નવનિર્મિત ભવનનું લોકાર્પણ તેમજ પંચામૃત બટર કોલ્ડ સ્ટોરેજ (તાડવા) અને પંચામૃત ડેરી પ્લાન્ટ (માલેગાંવ - મહારાષ્ટ્ર)નું ઇ-લોકાર્પણ તથા પંચામૃત ડેરી પ્લાન્ટ (ઉજ્જૈન-મધ્યપ્રદેશ)નો ઇ-શિલાન્યાસ સમારોહ યોજાશે. તેમા મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ, ગુજરાત સરકાર, કેન્દ્રીય પશુપાલન, ડેરી અને મત્સ્યોદ્યોગ, ભારત સરકાર કેબિનેટ મંત્રી, પરશોત્તમભાઈ રૂપાલા, ભા.જ.પા.પ્રદેશ અદયક્ષ સી.આર.પાટીલની પ્રેરક ઉપસ્થિતિમાં અને સમારંભ ના પુષ્પ એવા કૃષિ, પશુપાલન અને ગૌસંવર્ધન મંત્રી રાઘવજીભાઈ પટેલ, જિલ્લા પ્રભારી અને ગ્રામ વિકાસ અને ગ્રામ ગૃહ નિર્માણ મંત્રી અર્જુનસિંહ ચૌહાણ, સહકાર, કુટિર ઉદ્યોંગ, મીઠા ઉદ્યોગ અને પ્રોટોકોલ (સ્વતંત્ર સ્વાલ) મંત્રી જગદિશભાઈ વિશ્વકર્મા, ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ, વૈધાનિક અને સંસદીય બાબતોના રાજયકક્ષાના મંત્રી કુબેરભાઈ ડીંડોર, આદિજાતિ વિકાસ, આરોગ્ય પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ રાજયકક્ષાના મંત્રીમતિ નિમિષાબેન સુથાર,ગુજરાત સ્ટેટ કો.ઓ.બેંક લી.ના ચેરમેન અજયભાઈ પટેલ,ભારતીય રાષ્ટ્રીય સહકારી સંઘ અને ઇફકો ના ચેરમેન દિલીપભાઈ સંઘાણી, પંચમહાલ સાંસદ રતનસિંહ રાઠોડ અને દાહોદ સાંસદ જસવંતસિંહ ભાભોરની ઉપસ્થિતિમાં યોજાશે.

## ઘોઘંબા તાલુકાના દામાવાવ પોલીસે કાંટા મહુડા, રૂપારેલ અને માલુ ફાટક પાસેથી ઇંગ્લીશ દારૂ સાથે ૪ ઈસમોને ઝડપી પાડવામાં આવ્યા

ગોધરા,

કાંટા મહુડા ગામે રહેતા મુકેશ નટવરસિંહ ચૌહાણ, શૈલેષ નટવરસિંહ ચૌહાણ પોતાના કબ્જામાં ઈંગ્લીશ દારૂનો જથ્થો સંતાડી રાખેલ છે. તેવી બાતમીના આધારે દામાવાવ પોલીસે રેઈડ કરી સ્પેશ્યલ વ્હીસ્કી કવાટરીયા નંગ-૨૭૪ કિંમત ૨૬,૫૭૮/-રૂપીયાના મુદ્દામાલ સાથે બે ઈસમોને ઝડપી પાડયા.

બીજા બનાવમાં રૂપારેલ ગામે રહેતા લક્ષ્મણભાઈ રૂપસીંગભાઈ બારીયા પોતાની પાસે ઈંગ્લીશ દારૂનો જથ્થો રાખીને ધંધો કરતા હોય તેવી બાતમીના આધારે રેઈડ કરી કવાટરીયા નંગ-૩ પ્રિમીયમ વ્હીસ્કી કવાટરીયા નંગ-૬ મળી ૧૯૭૦/-રૂપીયાના મુદ્દામાલ સાથે ઝડપી પાડવામાં આવ્યો.

દામાવાવ પોલીસે માલુ ફાટક પાસે વાહન ચેકીંગ દરમિયાન બાઈક નંબર જીજે.૧૭.વીઆર.૩૩૮૭ ઉપર વિમલના થેલામાં ઈંગ્લીશ દારૂ લઈ જઈ રહ્યા હોય તેને રોકવામાં આવતાં એક ઈસમ નાશી છુટીયો હતો. જ્યારે ઓમ પ્રકાશ વિક્રમસિંહ ચૌહાણને બીયર ટીન નંગ-૧૭ કિંમત ૨૬૩૫/- રૂપીયા મોબાઈલ ફોન અને બાઈક સાથે ઝડપી પાડવામાં આવ્યો.

ઘોઘંબાના કાંટાખેડા ગામે રહેતા મહેશ ભૈરવસિંહ પરમાર પોતાના ઘરમાં ઈંગ્લીશ દારૂનો જથ્થો રાખી ધંધો કરતો હોય તેવી બાતમીના આધારે પોલીસે રેઈડ કરી હતી. રેઈડ દરમિયાન ભારતીય બનાવટની દારૂની બોટલો નંગ-૩૫ કવાટરીયા નંગ-૨૦૨ મળી ૩૩,૬૯૯/-રૂપીયાના જથ્થા સાથે મહેશ ભૈરવસિંહ પરમાર, રાજેન્દ્ર પરમાર, ભાવેશ પરમાર, દિનેશ પર્વતસિંહ પરમારને ઝડપી પાડવામાં આવ્યા. આ બાતે દામાવાવ પોલીસ મથકે પ્રોહિબીશન એકટ હેઠળ ફરિયાદ નોંધાવા પામી છે.


## પંચમહાલ જી.એસ.ટી. વિભાગે નીલકંઠ હોટલ પર સર્ચ હાથ ધરવામાં આવ્યુ

હાલોલ,

પંચમહાલ જિલ્લાના હાલોલ/વડોદરા હાઈવે પર આવેલ હોટલ નીલકંઠ ખાતે જી.એસ.ટી.વિભાગની ટીમો દ્વારા સર્વે હાથ ધરવામાં આવ્યો હતો. વડોદરા જી.એસટી.વિભાગ દ્વારા હોટલ નીલકંઠ ખાતે જી.એસ.ટી.વિભાગ દ્વારા સર્વે હાથ ધરવામાં આવતા અનેક રાજકિય તર્કવિતર્ક સર્જાયા હતા.

હાલોલ/વડોદરા હાઈવે પર આવેલ હોટલ નીલકંઠ ખાતે વડોદરાના સ્ટેટ જી.એસ.ટી.વિભાગ દ્વારા હોટલ દ્વારા કરવામાં આવેલ ધંધાકિય વ્યવહારો અંગેનો સર્વે હાથ ધરવામાં આવ્યો હતો. જી.એસ.ટી.વિભાગના ૧૦ ઉપરાંત કર્મચારીઓ દ્વારા હોટલ ખાતે સર્વેની કામગીરી હાથ ધરવામાં આવી હતી. જે મોડી સાંજ સુધી ચાલી હતી. અત્રે ઉલ્લેખનિય છે કે, હોટલ નીલકંઠના માલિક રામચંદ્ર બારીયા ગોપીપુરાના પુર્વ સરપંચ છે. જેઓ સામે થોડા સમય અગાઉ ગોપીપુરા ગ્રામ પંચાયતમાં કરવામાં આવેલા વિકાસના કામોમાં જી.એસ.ટી.માં ગેરરિતીઓ સહિત ઉચાપતની પોલીસ ફરિયાદ તે વખતના હાલોલ તાલુકા વિકાસ અધિકારી દ્વારા કરવામાં આવી હતી. જે અંગેની તપાસ હાલ ચાલી રહી છે ત્યારે જી.એસ.ટી.વિભાગ દ્વારા હાથ ધરવામાં આવેલા સર્વેએ અનેક તર્કવિતર્ક સર્જ્યા હતા. સુત્રો તરફથી મળેલ માહિતી મુજબ જી.એસ.ટી. વિભાગ દ્વારા હોટલની સાથે સાથે હાલોલ તાલુકા પંચાયત ખાતે પણ તપાસ કરી હોવાની જાણકારી સામે આવી છે. વડોદરા જી.એસ.ટી.વિભાગ દ્વારા હાથ ધરવામાં આવેલા સર્વેમાં કોઈ ગેરરિતી સામે આવી છે કે કેમ...?તે અંગે હજુ સુધી કોઈ ચોકકસ માહિતી સામે આવી નથી પરંતુ મોડીસાંજ સુધી ચાલેલી સર્વેની કામગીરી ચોકકસથી સમગ્ર મામલે જી.એસ.ટી.વિભાગ દ્વારા ઝીણવટભરી તપાસ કરવામાં આવી રહી હોય તેને ચોકકસ સમર્થન આપી રહી છે.


## શહેરાના ભેંસાલ ગામના તળાવ પાસે આવેલ મહુડાના વૃક્ષ પર દિયર ભાભી ની લટકતી લાશ મળી



શહેરા,

શહેરા તાલુકાના ભેંસાલ ગામે આવેલા ઝેરા પગીના મુવાડા ફળિયામાં રહેતી બે સંતાનોની માતાએ દિયર સાથે મહુડાના વૃક્ષની ડાળીએ સાડી બાંધીને કોઈ અગમ્ય કારણોસર ફાંસો ખાઈ લેતા સમગ્ર પંથકમાં ચકચાર મચી જવા પામી છે. પોલીસ દ્વારા હાલ તો દિયર અને ભાભીની લાશને પોસ્ટમોર્ટમ માટે મોકલીને કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી. દિયર અને ભાભીએ આપઘાત કર્યો કે પછી તેઓની હત્યા થઈ પોસ્ટમોર્ટમ રિપોર્ટ બાદ ખબર પડી શકે તેમ છે. સમાજમાં ભાભી અને દિયરના સંબધને પવિત્ર માનવામા આવે છે પણ સમાજને પણ હચમચાવી મુકે તેવી ઘટના શહેરા તાલુકાના ભેંસાલ ગામમાં આવેલા જેરા પગીના મુવાડા ગામે બની છે. જેમાં રેખાબેન પગી ઉ.વ ૩૫ અને તેમના દિયર અરવિંદભાઈ સામતભાઈ પગી ઉ.વ ૨૧એ ગામના તળાવ ઉપર આવેલી સીમ પાસે મહુડાના વૃક્ષની ડાળી ઉપર સાડી બાંધીને આત્મહત્યા કરી લેતા ચકચાર મચી જવા પામી છે. ઝાડ ઉપર બંનેની લાશ ફાંસો ખાધેલી હાલતમાં સ્થાનિક વ્યક્તિને જોવા મળતા તેઓ દ્વારા શહેરા પોલીસને જાણ કરવામા આવી હતી. પોલીસને માહિતી મળતાની સાથે બનાવ સ્થળ ખાતે પહોંચી જઈને સ્થાનિક લોકોની મદદથી દિયર અને ભાભીની લટકતી લાશને વૃક્ષ પરથી નીચે ઉતારીને પંચનામું કરવા સહીત પોસ્ટમોર્ટમ માટે શહેરા હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવી હતી. મહિલા રેખાબેને પોતાના પતિના પિતરાઈ ભાઈ સાથે આત્મહત્યા કરતા અનેક ચર્ચાઓ પણ ચાલી છે. આ મામલે હાલમાં પોલીસ સીઆરપીસી ૧૭૪ કલમ મુજબ ગુનો નોધીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. જોકે, બે સંતાનોની માતા અને દિયરની લાશ ઝાડ પર લટકતી મળતા આ બંનેએ આપઘાત કર્યો કે પછી હત્યા કરવામાં આવી હશે કે શું ? તેવા અનેક સવાલો સ્થાનિક ગ્રામજનોમાં ચર્ચાનો મુદ્દો બન્યો હોય ત્યારે પોસ્ટ મોર્ટમ રિપોર્ટ બાદ જ ખરી હકીકત ખબર પડી શકે તેમ છે.

## શહેરા કુણ નદીમાંથી ખાણ અને ખનીજ વિભાગની ટીમ એ રેતી ભરતા બે વાહનોને ઝડપી પાડવામાં આવ્યા



તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા,

શહેરાના ડેમલી પાસે આવેલ ખોડા કુણ નદીમાં ગેરકાયદે રેતી ખનન સામે ખાણ અને ખનીજ વિભાગની ટીમએ લાલ આંખ કરી હતી. ખનીજ વિભાગની ટીમએ રોયલ્ટી પાસ વગર રેતી ભરતા બે ટ્રેક્ટરોને ઝડપી પાડીને કાર્યવાહી હાથધરી છે.

શહેરા તાલુકાના ડેમલી પાસે આવેલ ખોડા કુણ નદીમાં પાછલા કેટલાક સમયથી લીઝ નહિ હોવા છતા રેતી ખનન થઈ રહયું હતું. નદીમાં મોટા મોટા ખાડાઓ પાડીને રેતી કાઢીને દિવસ અને રાત્રી દરમિયાન ટ્રેક્ટર સહિતના મોટા વાહનોમાં ભરીને ખનીજ વિભાગના નિયમોને નેવે મૂકીને હેરાફેરી થતી હોવાની માહિતી ખાણ અને ખનીજ વિભાગના ભૂસ્તર શાસ્ત્રી મેહુલ દવેને મળી હતી. જેને લઈને ખાણ અને ખનીજ વિભાગની ટીમ નદી ખાતે પહોંચી જઈને રેતી ભરતા બે ટ્રેક્ટર ઝડપી પાડયા હતા. જોકે, ખનીજ વિભાગની ટીમને જોતા રેતી ભરતા બીજા વાહનો ત્યાંથી ભાગી જવામાં સફળ રહ્યા હતા. ખનીજ વિભાગની ટીમે પકડી પાડેલ બે ટ્રેક્ટર માંથી એકને શહેરા પોલીસ મથક અને બીજા ટ્રેક્ટરને ગોધરા ખાણ અને ખનીજ વિભાગ કચેરી ખાતે લઈ જઈને જરૂરી કાર્યવાહી હાથધરી છે. દિવસ અને રાત્રી દરમિયાન રોયલ્ટી પાસ વગર મોટી સંખ્યામાં વાહનોમાં ખનિજ વહન થવા છતાં આ સામે અસરકારક કાર્યવાહી કરવામાં સ્થાનિક તંત્ર શુભ મુહૂર્તની રાહ દેખી રહી હોય તેમ લાગી રહ્યું છે. ત્યારે તાલુકામાં થતી ખનીજ ચોરી અટકાવવા માટે સંબંધિત તંત્ર અસરકારક કાર્યવાહી ક્યારે કરશે તે જોવું જ બની રહયુ છે.

## મોરવા(હ)ના કુવાઝરની ૧૪ વર્ષીય કિશોરીને મરવાની દુષ્પ્રેરણા આપતાં ગળે ફાંસો ખાઇ આપઘાત કર્યો

મોરવા(હ),

મોરવા(હ) તાલુકાના કુવાઝર ગામેની સગીરાને મરવા માટે દુષ્પ્રેરણા આપતાં સગીરાએ માં-બાપની ઈજ્જત જવાના ડરે પોતાના ઘરમાં મોભ સાથે ઓઢણી વડે ગળે ફાંસો ખાઈ આપઘાત કર્યો. પ્રાપ્ત વિગતો પ્રમાણે મોરવા(હ) તાલુકાના કુવાઝશ્ર ગામે રહેતી પુષ્પાબેન શંકરભાઈ પટેલ ઉ.વ.૧૪ને સુનીલ રાજેશભાઈ ઉર્ફે લાલો પટેલ એ મરવા માટે દુષ્પ્રેરણા કરતા પુષ્પાબેન એ માં-બાપની ઈજ્જત જવાના ડરથી પોતાનું જીવન ટુંકાવી નાખવાના ઈરાદે કરેલ હોય અને પોતાના ઘરમાં મોભ સાથે ઓઢણી બાંધી ગળે ફાંસો ખાઈ મરણ ગયેલ હોય આ બાબતે મોરવા(હ) પોલીસ મથકે ફરિયાદ નોંધાવાતા પોલીસે સુનિલ રાજેશભાઈ પટેલ વિરૂદ્ધ આઈ.પી.સી.કલમ ૩૦૬ મુજબ ગુનો નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી.

## ગોધરા સિવિલ હોસ્પિટલમાં દર્દી બીજા માળેથી પડતું મુકતા ગંભીર ઈજાઓ થતાં મોત



ગોધરા,

ગોધરા સિવિલ હોસ્પિટલમાં સારવાર લઈ રહેલ દર્દીએ બીજા માળેથી કુદી પડતાં ગંભીર ઈજાઓ થવા પામી હતી. ગંભીર ઈજાઓ થતાં સારવાર માટે વડોદરા ખસેડતા સારવાર દરમ્યાન મોત નિપજાવા પામ્યું. ગોધરા સિવિલ હોસ્પિટલમાં કોઈ બીમારીને લઈ સારવાર માટે દાખલ થયેલ દર્દીએ કોઈ કારણોસર હોસ્પિટલના બીજા માળે થી નીચે કુદી પડયો હતો. બીજા માળે થી નીચે પટકાતા ગંભીર ઈજાઓ થવા પામી હતી. ગંભીર ઈજાઓને લઈને દર્દીને વધુ સારવાર માટે વડોદરા રીફર કરવામાં આવ્યો હતો. દર્દી વડોદરા પહોંચે તે પહેલા રસ્તામાં મોત નિપજાવા પામ્યું.

## ફતેપુરાથી સલરા, બટકવાડા, સંતરામપુર માર્ગની કામગીરી બંધ : પૂર્વ કમિશ્નર દ્વારા માર્ગ મકાન મંત્રીને રજૂઆત

ફતેપુરા,

ફતેપુરા થી સલરા બટકવાડા થઈ સંતરામપુરને જોડતા સલરા મહુડા સુધીના રસ્તાની નવિનીકરણની કામગીરી કરવામા આવી રહી છે કરવામાં આવતી કામગીરીમા વ્યાપક પ્રમાણની ગેરરીતી કરવામાં આવતી હોવાની ફરિયાદ પૂર્વ કમિશ્નર જી.એમ.પારગી એ કરી છે. માર્ગ મકાન મંત્રી પૂર્ણેશમોદીને લૈખિતમાં રજુઆત કરી જણાવ્યું છે કે, ફતેપુરા થી સલરા મહુડા સુધીના સ્ટેટ રોડની કામગીરીમાં સાત મીટર પહોળા રોડની જગ્યા પર પાંચ મીટરનો બનાવવામાં આવી રહયો છે. રોડમાં ત્રણ લેયરની કામગીરી કરવામા આવતી નથી. સાફ સફાઈ કરી રોલર ફેરવી રસ્તાની કામગીરી કરાતી નથી. રસ્તાની કામગીરીમાં સિલકોટ અને ડસ્ટ નાખી કામગીરી કરાતી નથી. છ કિલોમીટરના રોડમાં ફતેપુરાના બજારમાં અને આઇ.કે. દેસાઈ હાસ્કુલ સુધી રસ્તો ન જોડી પાંચ કિલોમીટરનો રોડ બનાવવામા આવી રહ્યો છે. નિયમ અને ધારાધોરણ મુજબ રોડ બનાવવામા આવતો નથી. રસ્તાની કામગીરી વારવાર બંધકરી અંધુરી કામગીરી કરવામા આવી રહી હોવાની તેમજ રસ્તાની કામગીરીમાં વ્યાપક પ્રમાણમાં ગેરરીતી કરાતી હોવાની ફરિયાદ કરી સુવ્યવસ્થિત કામગીરી કરવામા માટે મંત્રી પૂર્ણેશભાઈ મોદીને દાહોદ કલેકટર વિલેજ કમિશ્નર કાર્યપાલક ઈજનેર માર્ગ મકાન સ્ટેટ વિભાગને આ બાબતે જાણ કરાઈ છે.

## ગોધરા પાવરહાઉસ વિસ્તારની વીજપોલ ચોરીમાં ત્રણ ઈસમો સામે ગુનો નોંધાયો

ગોધરા,

ગોધરા શહેરના પાવરહાઉસ વિસ્તારમાં આવેલી એમજીવીસીએલ કંપનીની કચેરીના કમ્પાઉન્ડમાં વીજપોલ મુકી રાખ્યા હતા. આ કચેરીના કમ્પાઉન્ડમાંથી એક વીજપોલની ચોરી થતાં વીજ કર્મીઓએ વીજપોલની શોધખોળ કરતા વીજપોલ મળી આવ્યો ન હતો. ગોધરાની એ-ડીવીઝન પોલીસે ચોરેલા વીજપોલના કટીંગ કરેલા ટુકડા સાથે દેવરાજભાઈ રણજીતભાઈ લુહાર, વિક્રમભાઈ મગનભાઈ પરમાર, તથા મુકેશભાઈ બુધાભાઈ ડામોરને પકડ્યા હતા. વીજ કર્મીઓએ પોલીસે પકડેલા મુદ્દામાલની તપાસ કરતા વીજ કંપનીના વીજપોલ હોવાનુ માલુમ પડતા પોલીસે ૩ સામે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 25, No.234